P5150

RAN-2401000106020515

# RAN-2401000106020515

## T.Y.B.A. (NON NEP) (Sem. VI) Examination March - 2026

## English - Paper - 21 (A)

## Translation : Theory & Practice

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

| | |
|---|---|
| **સૂચના : / Instructions**<br>(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book | Seat No.:<br><br>Student's Signature |

**Q.1 Choose the right option.** **[10]**

1] Who among the following has written The Legends of Khasak?
a) O. V. Vijayan b) U. R. Ananthmurthy
c) Shrilal Shukla d) Krishna Sobti

2] The novel Samskara is written by
a) U. R. Ananthmurthy b) Sachin Kundalkar
c) Premchand d) Bhisham Sahni

3] Who is the author of Godaan?
a) Premchand b) Mahashweta Devi
c) UdayPrakash d) Vivek Shanbhag

4] Identify the text written by M. R. Vasudevan Nair.
a) Tomb of Sand b) Naalukettu
c) The Virgin Fish of Babughat d) The Moving Shadow

5] Who has written Jasmine Days?
a) Gitanjali Shree b) K. R. Meera
c) Shivaji Sawant d) Benyamin

6] Interrogating 'My Chandal Life' is written by ................
a) ManoranjanVyapari b) Indira Goswami
c) Nanak Singh d) Bhisham Sahani

7] Which text is written by Uday Prakash?
a) The Walls of Delhi b) The Story of a Goat
c) One Part Women d) Pages Stained with Blood

8] The novel A River of Fire is written by ..............
a) Krishna Sobti b) Uday Prakash
c) Qurratulain Hyder d) Vivek Shanbhag

9] Which of the following is written by Nanak Singh?
a) A Life Incomplete b) Tomb of Land
c) 'Sangati: Events' d) The First Promise

10] Which of the following is correctly matched?
a) UmraoJaan Ada - Urmila Pawar b) The Moving Shadow - Arnava
c) Cobalt Blue - Ashapurna Devi d) Motherwit - Shivaji Sawant

**Q.2. (A) Write short notes on Any Two of the following** **(16)**

(i) Translation: An Art or Craft?

(ii) Process of Decoding and Recoding in Translation.

(iii) Loss and Gain in Translation.

(iv) Specific Problems of Literary Translation.

**Q.3. Translate the press note into English given below (Any One)** **(12)**

**(A)** વિશ્વમાં હાલમાં પ્રવર્તી રહેલા અનિશ્ચિત વાતાવરણ વચ્ચે શું કરવું અને શું ન કરવું તે અંગે વિશ્વના દસમાંથી સાત ચીફ એકિઝક્યુટિવ ઓફિસર્સ (સીઈઓ) અસમંજસની સ્થિતિમાં છે. અમેરિકા દ્વારા લાગુ કરાયેલા ઊંચા ટેરિફ ઉપરાંત આર્ટિફિસિયલ ઇંટેલિજન્સ (એઆઈ)માં રોકાણ પર ખાસ વળતર હજુ મળતા નહીં હોવાથી કંપની મૂંઝવણમાં છે. એમ પીડબલ્યુસીના ચેરમેન મોહમદ કાંડે દ્વારા વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ખાતે એક ટીવી ચેનલને અપાયેલી મુલાકાતમાં જણાવાયું હતું.

પીડબલ્યુસી દ્વારા હાથ ધરાયેલા વૈશ્વિક સીઈઓસના સર્વેમાં જણાયું હતું કે, દસમાંથી માત્ર ત્રણ સીઈઓને આગામી 12 મહિનામાં આવક વૃધ્ધિ બાબત વિશ્વાસ છે. આવક વૃધ્ધિ જે 2025માં 38 ટકા રહી હતી તેનાથી નીચી રહેવા ધારણા મૂકવામાં આવી રહી છે. હવે પછી શું થશે તે અંગે વ્યાપક અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. વિશ્વના 95 જેટલા દેશોના 4455 સીઈઓના સર્વેના આધારે આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. કંપનીઓ એઆઈ જેવી નવી ટેક્નોલોજિ પાછળ સમય ખર્ચી રહી છે. એઆઈના સ્વીકારમાં ખાસ લાભો જોવા મળતા નથી, જેની કંપનીઓ અપેક્ષા રાખીને બેઠી છે અને તેમણે હજુ પણ ઈન્વેસ્ટમેન્ટ કરવાનું ચાલુ રાખવું પડ્યું છે. ટ્રમ્પ દ્વારા ટેરિફના જોખમે સીઈઓને અધ્ધરતાલ રાખ્યા છે. આ સંપૂર્ણ સ્થિતિમાં ભારત સ્થિતિસ્થાપક હોવાનું જણાય છે. 2025માં ભારત એકદમ જ સ્થિતિસ્થાપક રહ્યું હતું. પબ્લિક ઈન્વેસ્ટમેન્ટને ટેકો આપવા કેટલાક ખાનગી ઈન્વેસ્ટ્મેંટ્સ આગળ આવી રહ્યાનું જોવા મળે છે એવા પીડબલ્યુસી ઈન્ડિયા દ્વારા મત વ્યક્ત કરાયો હતો. યુકે તથા જર્મની બાદ વૈશ્વિક રોકાણકારો ભારતને પસંદગીના ઈન્વેસ્ટમેન્ટ મથક તરીકે જોઈ રહ્યા છે. આ સ્થિતિ જાળવી રાખવા અનુમાનિતતાની આવશ્યકતા છે. જેથી સીઈઓ તે પ્રમાણે નિર્ણય લઈ શકે.

**<u>OR</u>**

**(B)** ઉત્તર જાપાનમાં છેલ્લા બે અઠવાડિયાથી પડી રહેલી ભારે હિમવર્ષાએ જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. બુધવાર સુધીમાં દેશના 15 રાજ્યો આ કુદરતી આફતની ઝપેટમાં આવ્યા છે. જેમાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં 2 મીટર સુધી બરફના થર જામી ગયા છે. આ અસાધારણ હિમવર્ષા માટે આર્કટિક તરફથી આવતા ઠંડા પવનો જવાબદાર માનવામાં આવે છે. અત્યાર સુધીમાં હિમવર્ષાને કારણે દેશભરમાં 35 લોકોના મોત થયાં છે અને 393 લોકો ઈજાગ્રસ્ત થયાં છે જેમાંથી 126 ગંભીર છે.

જાપાનના મુખ્ય સરકારી પ્રવકતા મિનોરું કિહારાએ ચેતવણી આપી છે કે, હવે તાપમાનમાં થોડો વધારો થઈ રહ્યો છે, પરંતુ તે વધુ જોખમી સાબિત થઈ શકે છે. બરફ પીગળવાને કારણે ભૂસ્ખલન અને લપસણી સપાટીને લીધે અકસ્માતોની ભીતિ વધી છે. નોંધનીય છે કે મોટાભાગના મૃત્યુ લોકો દ્વારા પોતાના ઘરની છત પરથી બરફ સાફ કરવાના પ્રયાસ દરમ્યાન પડી જવાથી થયાં છે. એકલા નીગાતા રાજ્યમાં જ 12 લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે 42 લોકો ઈજાગ્રસ્ત થયાં છે.

આફતની ગંભીરતા જોતાં આમોરી રાજ્યના ગવર્નર સોઈચીરો મિયાશિતાએ જણાવ્યુ કે, ભારે બરફને કારણે રસ્તાઓ બંધ થતાં એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવા ઈમરજન્સી વાહનો ફસાઈ ગયા છે. તબીબી સ્ટાફ સ્ટ્રેચર લઈને પગપાળા દર્દીઓ સુધી પહોંચવા મજબૂર બન્યો છે. આ

વિસ્તારમાં 1700થી વધુ ઘરોમાં વીજ પુરવઠો ખોરવાયો છે અને બુલેટ ટ્રેન સહિતની મોટાભાગની રેલ્વે સેવાઓ ઠપ્પ થઇ ગઇ છે. આમોરીમાં શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. આગામી સપ્તાહના અંતમાં ઉત્તર જાપાનમાં વધુ ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે.

**Q.4. Translate the following paragraph into English. (Any One) (12)**

**(A)** એક યુવક બસનું પાટિયું વાંચીને ડોશી ભણી ગયો. એણે ડોશીને જોયાં જ ન હતાં. એ અગાઉ ઊભો હતો તેમ અન્યમનસ્ક ઊભો રહ્યો. ડોશી એની સાવ પાસે આવ્યા. એનું બાવડું પકડ્યું. યુવક સહેજ નવાઇ પામ્યો. પછી નવાઇનો ભાવ શમી ગયો. ડોશીની અસહાય અવસ્થાને એ સમભાવથી જોઇ રહ્યો. ડોશી બોલવા લાગ્યાં, એ વચ્ચે વચ્ચે પ્રશ્ન કરતાં હોય એમ લાગતું હતું. યુવક ધ્યાનથી સાંભળી રહ્યો હતો પણ એને કશી સમજ ન પડી. ડોશી હજી બોલતાં હતાં. આમ ને આમ બોલ્યા જ કરશે એમ માનીને હવે યુવકે એમને પૂછ્યું -

'તમારે ક્યાં જવું છે?'

ડોશીએ ત્રણચાર વાક્યોમાં જે કહ્યું એનો એવો અર્થ થતો હતો કે એમણે પાછાં જવું છે.

'પણ ક્યાં જવું છે, ક્યા ગામે?'

ડોશી ફરીથી બોલવા લાગ્યાં. એમાનું કશું સમજાય એવું ન હતું. કોણ જાણે કેમ એ અધવચ્ચે અટકી ગયાં ને પછી એટલું જ બોલ્યા કે કોઇ બસમાં બેસાડતું નથી.

**<u>OR</u>**

**(B)** હું તો આ બાઇની વાત સાંભળીને તેના સામે જ જોઇ રહી! મને તેના તરફ ખૂબ માન થયું. તેની હિંમત, સમજણ, ડહાપણ! થોડી વાર રહી મેં કહ્યું : 'અલી, તારી જબરી હિંમત. તને એકલાં એકલાં ખાશું શું એવી ફિકર ન થઇ?''. 'ના બહેન! અમે ક્યાં તમારા જેવાં નસીબદાર છીએ, તે એવો વિચાર આવે. કામ કરીએ તો રોટલો તો મળી રહે, તમ જેવાં મળી જ રહ્યાં ના! અમારામાં એક ભેંશ ઉપર તો રાંડીરાંડ જન્મારો કાઢે! તો મારે તો શું છે? એક છોકરી છે તે મોટી કરીને સારી રીતે પરણાવીશ. અમે તો મહેનતું વર્ણ તે કામ કરીને અમારું ફોડી લઇએ!''

અત્યાર સુધી મલ્લિકા શાંત બેઠી હતી તે બોલી : 'અરે બાઇ, તું જ સાચી નસીબદાર છે. તે આમ છૂટી શકી. અને અમે નસીબદાર ગણાઇએ છીએ, તે જ અભાગિયાં છીએ. અમારા જેવાને આવું હોય તો અમે શી રીતે છૂટી શકીએ, કહે જોઇએ.'

જીવીએ કહ્યું : બહેન, એવું તમારા જેવાં નસીબદારને હોય જ નહિ. એ તો અમે ભણ્યાગણ્યા વગરનાં, કશું સમજીએ નહિ, અમારો તે કાંઇ અવતાર છે. લ્યો, પણ હવે બેસો; બળી ખાઓ, છેવટે ટાઢી તો થઇ જ ગઈ. અમારા જેવાંની વાતમાં નકામો તમને ઉદ્વેગ થયો.